જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૧૦/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૧૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૩૪ લીટર દેશી દારૂ, ૧૪૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૮૩ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦૪ બિયર ટીન, ૦૧ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧૪૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૧૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૧૫/૨૦૨૫**

ગોમતીપુરઃ કૃણાલ સ/ઓ કમલજીસિંગ છાબડા (ઉ.વ.૩૧) (રહે. ગુરૂતેગબહાદુર સોસાયટી, અર્બુદામીલ સામે, બળીયાકાળા ચાર રસ્તા પાસે, ગોમતીપુર) એ તા.૦૭/૧૦/૨૦૨૫ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૮/૨૦૨૪ થી તા.૦૭/૧૦/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ચન્દ્રેશ કિરણકુમાર ત્રિવેદી (હાલ રહે– જર્મની કિલ, મુળ વતન:– કાંતાકુંજ જનતા આઇસ ફેક્ટરીની બાજુમા પઢીયાર રોડ સુરેન્દ્રનગર) (૨) કિરણકુમાર ખેલશંકર ત્રિવેદી (રહે. કાંતાકુંજ જનતા આઇસ ફેક્ટરીની બાજુમા પઢીયાર રોડ સુરેન્દ્રનગર) અને (૩) જાન્હવીબહેન વા/ઓ ચન્દ્રેશ કિરણકુમાર ત્રિવેદી (હાલ રહે. શ્રીનાથ કુંજ, ૨૮ સ્નેહલતા ગંજ, અગ્નિબાણ પ્રેસ ઇન્દોર મધ્યપ્રદેશ) એ ભેગા મળી જર્મનીના કિલ શહેર ખાતે મેગા નામની રેસ્ટોરન્ટ ભાગીદારીમાં ખરીદ કરવા સારૂ કૃણાલ છાબડાને વિશ્વાસમાં લઈ કુલ રૂપિયા ૧૯,૦૮,૮૪,૯૦૧/– મેળવી લઈ, મેગા નામની રેસ્ટોરન્ટ ખરીદ નહી કરી તેમજ કૃણાલ એ રેસ્ટોરન્ટ ખરીદ કરવા ભાગીદાર તરીકે આપેલ રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.મહિડા ચલાવે છે.

સાયબર ક્રાઇમઃ ચાંદખેડા વિસ્તારમાં રહેતા યુવકે તા.૦૭/૧૦/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૫/૨૦૨૫ થી તા.૦૪/૦૬/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન ફેસબુક આઈડી આર્યા જોશી નામની વ્યક્તિએ મિત્રતા કરી તેમજ વોટ્સએપ નંબર ૭૨૬૦૯૩૪૨૪૯ ના ધારકે પૈસા કમાવા માટે ઓનલાઇન ગોલ્ડ તથા ફોરેન કરન્સીમાં ટ્રેડિંગ કરવાથી ફાયદો થવાની લોભામણી લાલચ આપી, યુવકના જરૂરી દસ્તાવેજ મેળવી લઈ, ટ્રેડીંગ માટે વોટ્સએપ નંબર ૪૪૭૫૬૭૦૭૯૦૧૮ લીંક મોકલી, લીંક ઓપન કરાવી પ્રોસેસ કરાવી, રોકાણ કરેલ નાણાંથી ટુંક સમયમાં નફો કરાવી આપ્યો હતો. ત્યારબાદ યુવકે વધુ રોકાણ કરવા માટે વોટ્સએપ નંબર ૪૪૭૫૬૭૦૭૯૦૧૮ ઉપર મેસેજ કરતા તેઓએ ફોરેન કરન્સીમાં ઈન્વેસ્ટ કરવા રૂપિયા ૭,૫૦,૦૦૦/– જુદી–જુદી બેંકમાં ઓનલાઇન ભરાવડાવી નાણાં પરત નહી આપી છેતરપીંડી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.ટી.દેસાઇ ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૪૧૬/૨૦૨૫**

દાણીલીમડાઃ દાણીલીમડા સુયેજ ફાર્મ, અજમેરી ફાર્મ, પ્રોસેસીંગ મીલ ખાતે કોન્ટ્રાકટ ઉપર કામ કરતા ચંદન રાજેન્દ્ર પાંડે (ઉ.વ.૩૨) (રહે. ગોકુલનગર વિભાગ–બી, દ્વારકાનગરી પાસે નારોલ) તા.૦૬/૧૦/૨૦૨૫ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પ્રોસેસીંગ મીલ ખાતે કામ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા સારવાર અર્થે તેમને ઈસનપુર રતન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેમનુ મૃત્યું નિપજ્યું હતું. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રાજેન્દ્રકુમાર આત્મારામ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૪૧૭/૨૦૨૫**

રિવરફ્રન્ટ વેસ્ટઃ જયાબહેન વસંતભાઈ રાઠોડ (ઉ.વ.૭૪)(રહે.મોહન નથુની ચાલી, ચેપી રોગ હોસ્પિટલ સામે) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૦/૨૦૨૫ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ પશ્ચીમ તરફના ભાગે સીડી નંબર–૫૦ પાસે વોક–વે નજીક નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિપકકુમાર હમીરભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી